ટૅક્સ રામાયણ



# આવકવેરાના રિટર્નનું વેરિફિકેશન કરાવવા માટેની નવી સમયમર્યાદા વિશે જાણો

પરેશ કપાસી

**આવકવેરો** ભરવો જેટલો જરૂરી છે, એટલું જ આવશ્યક છે આવકવેરા ખાતાએ જાહેર કરેલા નિયમોની નોંધ લેવાનું. થોડા સમય પહેલાં સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટૅક્સિસે (સીબીડીટી) ઑનલાઇન ભરવામાં આવેલા આવકવેરાનાં રિટર્નનું વેરિફિકેશન કરાવવા માટેનો સમયગાળો ૧૨૦ દિવસથી ઘટાડીને ૩૦ દિવસ કરી દીધો છે. આ નવો નિયમ ગત પહેલી ઑગસ્ટથી અમલી બન્યો છે. આમ ૨૦૨૨ની ૧ ઑગસ્ટે અથવા એના પછી ભરવામાં આવેલાં આવકવેરાનાં તમામ રિટર્ન બાબતે નવો નિયમ લાગુ થશે. સીબીડીટીએ ૨૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ જાહેરનામું બહાર પાડીને ઉક્ત જાહેરાત કરી છે.

અહીં જણાવવું રહ્યું કે આવકવેરા રિટર્ન નિર્ધારિત સમયમર્યાદામાં ભરવામાં આવે નહીં તો ૫૦૦૦ રૂપિયાનો દંડ થાય છે.

સીબીડીટીએ એમ પણ કહ્યું છે કે જે વ્યક્તિઓએ ૨૦૨૨ની ૩૧ જુલાઈએ અથવા એની પહેલાં આવકવેરા રિટર્ન ભરી દીધું હોય એમના માટે હાલ ૧૨૦ દિવસની જ મર્યાદા લાગુ રહેશે. જાહેરનામામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો નવી સમયમર્યાદા મુજબના ૩૦ દિવસ બાદ રિટર્નનું વેરિફિકેશન કરાવે તો એમણે જે દિવસે ઈ-વેરિફિકેશન કરાવ્યું હશે એ તારીખને રિટર્ન ભર્યાની તારીખ ગણવામાં આવશે. એને લીધે જો રિટર્ન ભરવામાં નિયમ મુજબ મોડું થયું હશે તો આવકવેરા ધારા, ૧૯૬૧ની દંડ સંબંધિત તથા અન્ય જોગવાઈઓ લાગુ થશે.

આ મુદ્દાને આપણે રિટર્ન ભરવાને લગતી તથા વેરિફિકેશનની ત્રણ સ્થિતિના આધારે સમજીએ...

**સ્થિતિ ૧ :** જો તમે નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટેની આવકવેરા રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૨ પહેલાં રિટર્ન ભરી દીધું હશે તો તમને એનું વેરિફિકેશન કરાવવા માટે ૧૨૦ દિવસ મળશે. જો તમે એ સમયમર્યાદા ચૂકી ગયા હશો તો તમારે આવકવેરા ખાતાને વિલંબ બદલ દરગુજર કરવા માટે અરજી કરવી પડશે. જો ખાતું તમારી વિનંતીનો સ્વીકાર કરે તો તમે રિટર્નનું વેરિફિકેશન કરાવી શકો છો. જો વિનંતીનો અસ્વીકાર થાય તો તમારું રિટર્ન ફાઇલ કરાયું નથી એવું ગૃહિત માની લેવાશે.

**સ્થિતિ ૨ :** જો તમે નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટેનું રિટર્ન ભરવાની ૩૧ જુલાઈની સમયમર્યાદા ચૂકી ગયા હો તો તમને કોઈ પણ સંજોગોમાં લેટ ફી લાગશે. જોકે, રિટર્ન ભર્યા બાદ એનું વેરિફિકેશન કરાવવા માટેની સમયમર્યાદા હવે ૩૦ દિવસની રહેશે. જો તમે વેરિફિકેશન માટેની ૩૦ દિવસની સમયમર્યાદા ચૂકી જશો તો પણ તમારે લેટ ફી ભરવી નહીં પડે, કારણ કે તમે આની પહેલાં જ મોડેથી રિટર્ન ભરવા બદલ લેટ ફી ભરી ચૂક્યા છો.

**સ્થિતિ ૩:** જે શ્રેણીના કરદાતાઓએ આવકવેરા રિટર્ન ભરતાં પહેલાં અકાઉન્ટ્સનું ઑડિટ કરાવવાનું હોય એ શ્રેણીમાં તમે આવતા હશો તો નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટેની રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૨૦૨૨ની ૩૦ સપ્ટેમ્બર છે. આમ, એ છેલ્લી તારીખ હજી આવવાની બાકી છે. વેરિફિકેશન માટેની નવી સમયમર્યાદા હવે લાગુ થઈ ગઈ હોવાથી આ શ્રેણીના કરદાતાઓએ ૨૦૨૨ની ૩૦ સપ્ટેમ્બરે અથવા એની પહેલાં રિટર્ન ભરીને ૩૦ દિવસની અંદર વેરિફિકેશન કરાવવાનું રહેશે. જો આ શ્રેણીના કરદાતાઓ રિટર્ન ભરવા માટેની ૩૦ સપ્ટેમ્બરની સમયમર્યાદા ચૂકી જશે તો એમને લેટ ફી લાગુ થશે.

આવકવેરા ખાતાએ ભલે નાનકડો ફેરફાર કર્યો કહેવાય, પરંતુ કરદાતાઓને આ એક નિર્ણયની પણ ઘણી મોટી અસર થઈ છે. આથી દરેક કરદાતાએ ઉક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને આવશ્યકતાઓ પૂરી કરવાની રહે છે. કરદાતાઓ વતી ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ રિટર્ન ફાઇલ કરતા હોય છે એથી એમણે પણ આ ફેરફારને ધ્યાનમાં લેવો પડ્યો છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.